**1.** **કોલમ-Iમાં આપેલા પદને કોલમ-IIમાં આપેલા સંયોજનો સાથે સરખાવો.**

| કોલમ-I | કોલમ-II |
|---|---|
| (A) ઍસિડ વર્ષા | (1) $CHCl_2 - CHF_2$ |
| (B) પ્રકાશરાસાયણિક ધૂમ્ર-ધુમ્મસ | (2) CO |
| (C) હીમોગ્લોબિન સાથે જોડાવવું | (3) $CO_2$ |
| (D) ઓઝોન સ્તરનું ક્ષયન | (4) $SO_2$ |
| | (5) અસંતૃપ્ત હાઇડ્રોકાર્બન |

➠ (A – 3, 4), (B – 4, 5), (C – 2), (D – 1)

(A) ઍસિડ વર્ષા કાર્બનના ઑક્સાઇડ, સલ્ફર (અસંતૃપ્ત હાઇડ્રોકાર્બન) અને નાઇટ્રોજનને કારણે થાય છે.

(B) પ્રકાશરાસાયણિક ધૂમ્ર-ધુમ્મસ ન બળેલા બળતણ (અસંતૃપ્ત હાઇડ્રોકાર્બન) અને $SO_2$ ને કારણે થાય છે.

(C) હીમોગ્લોબિન સાથે કાર્બન મોનૉક્સાઇડ ઝેરી બને છે.

(D) ક્લોરોફ્લોરોકાર્બન દ્વારા ઓઝોનનું ક્ષયન થાય છે.

**2.** **વિભાગ-I માં આપેલા પ્રદૂષકોને વિભાગ-II માં આપેલી તેની અસરો સાથે જોડો.**

| વિભાગ-I | વિભાગ-II |
|---|---|
| (A) સલ્ફરના ઑક્સાઇડ | (1) ગ્લોબલ વૉર્મિંગ |
| (B) નાઇટ્રોજન ડાયૉક્સાઇડ | (2) કિડનીને નુકસાન |
| (C) કાર્બન ડાયૉક્સાઇડ | (3) બ્લ્યુબેબીનાં લક્ષણો |
| (D) પીવાના પાણીમાં નાઇટ્રેટ | (4) શ્વસન માર્ગને લગતા રોગો |
| (E) લૅડ (સીસું) | (5) ટ્રાફિકવાળા અને ભરચક વિસ્તારમાં લાલ ઝાકળ દેખાવી |

➠ (A – 4), (B – 5), (C – 1), (D – 3), (E – 2)

(A) સલ્ફર ડાયૉક્સાઇડની ઓછી માત્રાને કારણે શ્વસનને લગતા રોગો થાય છે. દા.ત., અસ્થમા, બ્રોન્કાયટીસ

(B) ટ્રાફિક અને ભરચક વિસ્તારમાં લાલ ઝાકળ તે નાઇટ્રોજનના ઑક્સાઇડને કારણે હોય છે.

(C) વાતાવરણમાં વધતું જતું $CO_2$નું પ્રમાણ એ ગ્લોબલ વૉર્મિંગ માટે જવાબદાર છે.

(D) પીવાના પાણીમાં વધુ પડતું નાઇટ્રેટનું પ્રમાણ મિથેનો-ગ્લોબિનેમિયા (બ્લ્યુ બેબી) માટે કારણભૂત છે.

(E) લૅડ એ કિડની, લીવર અને પ્રજનનતંત્રને નુકસાન કરી શકે છે.

**3.** **વિભાગ-I માં આપેલી પ્રવૃત્તિને વિભાગ-II માં આપેલ ઉત્પન્ન થતા પ્રદૂષણ સાથે જોડો.**

| વિભાગ-I (પ્રવૃત્તિ) | વિભાગ-II (અસર) |
|---|---|
| (A) સલ્ફરયુક્ત નકામા કચરાને બાળતા તેમાંથી ઉત્પન્ન થતા વાયુઓ વાતાવરણમાં ભળે છે. | (1) જળ પ્રદૂષણ |
| (B) જંતુનાશક તરીકે કાર્બોમેટનો ઉપયોગ | (2) પ્રકાશરાસાયણિક ધૂમ્ર-ધુમ્મસ, વનસ્પતિ જીવનનેનુકસાન,મકાનોનું ક્ષારણ,શ્વાસની તકલીફ, જળપ્રદૂષણ. |
| (C) કપડા ધોવા માટે સાંશ્લેષિત પ્રક્ષાલકો વાપરવા | (3) ઓઝોન સ્તરને નુકસાન |
| (D) વાહનો અને કારખાનામાંથી ઉત્પન્ન થતાં ધુમાડો વાતાવરણમાં છોડવો. | (4) મનુષ્યમાં ચેતાતંત્રને લગતા રોગો થવા. |
| (E) કમ્પ્યૂટરનાં વિવિધ ભાગોને શુદ્ધ કરવા ક્લોરોફ્લોરોકાર્બનનાં સંયોજનોનો ઉપયોગ કરવો. | (5) પારંપરિક ધૂમ્ર-ધુમ્મસ, ઍસિડ વર્ષા, પાણીનું પ્રદૂષણ, શ્વાસની તકલીફો, મકાનોને નુકસાન, ધાતુનું ક્ષારણ |

➠ (A – 5), (B – 4), (C – 1), (D – 2), (E – 3)

(A) પારંપારિક ધૂમ્ર-ધુમ્મસ, ઍસિડ વર્ષા, પાણીનું પ્રદૂષણ, શ્વાસની તકલીફો, મકાનોને નુકસાન, ધાતુ ક્ષારણ

(B) મનુષ્યમાં ચેતાતંત્રને લગતા રોગો થવા

(C) જળ પ્રદૂષણ

(D) પ્રકાશરાસાયણિક ધૂમ્ર-ધુમ્મસ, વનસ્પતિ જીવનને નુકસાન, મકાનોનું ક્ષારણ, શ્વાસની તકલીફો, જળપ્રદૂષણ

(E) ઓઝોન સ્તરને નુકસાન

4. **વિભાગ-Iમાં આપેલા પ્રદૂષકોને વિભાગ-IIમાં આપેલ તેની અસર સાથે જોડો.**

| વિભાગ-I | વિભાગ-II |
|---|---|
| (A) પાણીમાં રહેલ ફૉસ્ફેટ યુક્ત ખાતરો | (1) પાણીનું BOD મૂલ્ય વધે છે. |
| (B) હવામાં મિથેન | (2) ઍસિડ વર્ષા |
| (C) પાણીમાં રહેલ સાંશ્લેષિત ડિટરજન્ટ | (3) ગ્લોબલ વૉર્મિંગ |
| (D) હવામાં રહેલ નાઇટ્રોજન ઑક્સાઇડ | (4) યુટ્રોફિકેશન |

➠ (A – 1, 4), (B – 3), (C – 1), (D – 2),

➠ (A) ફૉસ્ફેટ યુક્ત ખાતર આલ્ગી (શેવાળ)ની વૃદ્ધિ વધારે છે અને BODનું મૂલ્ય વધે છે અને તેને કારણે યુટ્રોફિકેશન થાય છે.

(B) મિથેનનું ઑક્સિડેશન થઈને $CO_2$ બનાવે છે જેને કારણે ગ્લોબલ વૉર્મિંગ થાય છે.

(C) સાંશ્લેષિત વાયુઓ BOD મૂલ્ય વધારે છે.

(D) નાઇટ્રોજન ઑક્સાઇડ પાણી સાથે મિશ્ર થઈને નાઇટ્રિક ઍસિડ બનાવે છે.